(૮) ખોદકામ દરમ્યાન આસપાસની કોઇ મિલ્કતને નુકસાન ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

(૯) ખોદકામ દરમિયાન યોગ્ય બોર્ડ મુકી તથા આડ મૂકી અકસ્માત ન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે.

(૧૦) કામગીરી શરૂ કરતાં પહેલા ટ્રાફીક બાબતે પોલીસ ખાતાની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે તથા જે તે વિસ્તારમાં કામગીરી શરૂ કરતાં પહેલા ન.પા./મ.ન.પા.માં તેની જાણ કરવાની રહેશે.

(૧૧) મુખ્ય રસ્તાના ક્રોસીંગ હોય જ્યાં શક્ય હોય ત્યાં ઓપન કટ નહી કરતાં બોરીંગ કરીને કામ કરવાને પ્રાથમિકતા આપવાની રહેશે.

(૨) HDD પધ્ધતિથી OFC નેટવર્ક અને પોલ ઉભા કરી 4 જી સેવાઓ પૂરી પાડનાર કંપનીઓએ મહાનગરપાલિકાઓ/નગરપાલિકાને ઈન્સટોલેશન ચાર્જ તેમજ વાર્ષિક પરવાનગીની ફી નીચે મુજબ ચૂકવવાની રહેશે.

| અ.નં. | વિગત | લેવાના ચાર્જીસ/ફી |
|---|---|---|
| (૧) | પ્રત્યેક પોલ દીઠ પ્રારંભિક ઇન્સ્ટોલેશન ચાર્જ | મહાનગરપાલિકા/શ.વિ.સત્તામંડળ /વિસ્તાર વિકાસ સત્તા મંડળ વિસ્તારમાં<br>રૂ.૧૬,૦૦૦/- અને<br>નગરપાલિકા વિસ્તારમાં<br>રૂ.૧૨,૦૦૦/- |
| (૨) | વાર્ષિક પરવાનગી ફી તરીકે પોલની ઉંચાઇનો પ્રતિ મીટર દીઠ (પોલની ઉંચાઇ તેના બેઈઝથી ગણવી) | મહાનગરપાલિકા વિસ્તારમાં<br>રૂ.૫૦૦/- અને<br>નગરપાલિકા વિસ્તારમાં રૂ.૩૫૦/- |
| (૩) | પોલના ઇકવીપમેન્ટમાં ઊંચાઇમાં વધારો કે એક જ પ્રિમાઇસીસ અંતર્ગત લોકેશનમાં ફેરફાર કે અન્ય કોઇ ફેરફાર થતો હોય તો નિયત કરેલ | પોલ ફાઉન્ડેશન અને મૂળ માળખાને બદલવામાં આવતુ હોય તેના પર પ્રવર્તમાન દરના ૧૦ ટકા. પરંતુ ઊભા કરેલ પોલ પર જ ટેકનીકલ ફેરફારો કરવામાં આવતાં હોય તો તેવા ફેરફારો પર કોઇ પરવાનગી લેવાની રહેશે નહીં. |

<table>
<tr><td></td><td>જરૂરી ડોકયુમેન્ટ સાથે ફેરફારવાળા ' નકશા રજુ કર્યેથી સુધારેલી પરવાનગી દીઠ લેવાની થતી ફી.</td><td colspan="2"></td></tr>
<tr><td rowspan="3">(૪)</td><td rowspan="3">બી.યુ.પરમીશન સિવાયના મકાનો પર પોલ બનાવવા માટે અથવા પરમીટ સિવાય ઉભા કરેલ/શરૂ કરેલ પોલ અંગેની ફી.</td><td colspan="2">પ્રવર્તમાન વાર્ષિક પરવાનગી ફી ઉપરાંત નીચે મુજબની પેનલ્ટી ફી લેવાની રહેશે.</td></tr>
<tr><td>મહાનગરપાલિકા/શ.વિ. સત્તામંડળ</td><td>નગરપાલિકા</td></tr>
<tr><td>₹.૫૦,૦૦૦/-</td><td>મ₹.૨૫,૦૦૦/-</td></tr>
<tr><td>(૫)</td><td>ઉપર(૧) અને (૨) મુજબના દરમાં વધારો</td><td colspan="2">દર ત્રણ વર્ષે વાર્ષિક ૧૦ ટકા વધારો કરીને તે મુજબ વાર્ષિક ફી.</td></tr>
<tr><td>(૬)</td><td>ટેલીકોમ્યુનિકેશન પોલ પર પ્રોપર્ટી ટેક્ષ વસુલ લેવા અંગે</td><td colspan="2">કોઇપણ મિલ્કત જેની ઉપર પ્રોપર્ટી ટેક્ષ વસુલ થતો હોય તેવી મિલ્કત ઉપરના પોલના ઇન્સ્ટોલેશન ઉપર એરીયા બેઈઝ પ્રોપર્ટી ટેક્ષ લેવાનો રહેશે નહીં, પરંતુ જમીન ઉપર પોલ હોય તો જેટલી જમીન પોલની કામગીરી માટે રોકી હોય તેના માપ પ્રમાણેનો વખતો વખતનો એરીયાબેઈઝ પ્રોપર્ટી ટેક્ષ મુજબ વસુલ કરવાનો રહેશે.</td></tr>
</table>

(૩) વધુમાં 4 જી સેવાઓ પૂરી પાડવા પરવાનગી આપવા કંપનીઓ દ્વારા માંગણી થયેથી જે તે ન.પા./મ.ન.પા. રસ્તાના ફૂટપાથ, ડીવાઈડર તથા જંકશન પરના પોલ ઉભા કરવા માટે જરૂરી જમીન ફાળવી શકશે તેમજ ન.પા./મ.ન.પા.ના મકાનોની ખુલ્લી જગા તથા ટેરેસ પર પણ પોલ ઉભા કરવાની પરવાનગી આપી શકશે. આ માટે વપરાતી જમીન કે મકાનના ટેરેસ વિસ્તારને એક વખત માટે પ્રારંભિક જંત્રીના ૪૦ ટકા રકમથી ૨૦ વર્ષના ભાડા પટે આપી શકશે, પરંતુ જમીનની માલિકી જે તે ન.પા./મ.ન.પા. કે સરકારશ્રીની રહેશે.

HDD પધ્ધતિથી OFC કેબલ નેટવર્ક ઉભુ કરવા અને પોલ ઉભા કરવા માટે નીચેની શરતો પણ લાગુ પડશે.

(૧) કંપની દ્વારા ઉભા થતા ઇન્ફ્રાસ્ટ્રકચરમાં ન.પા./મ.ન.પા.એ તે અંગે કોઇ મેન્ટેનન્સ ખર્ચ ભોગવવાનો નથી. આ જવાબદારી સંપૂર્ણપણે કંપનીની રહેશે.